# પ્રાંતિજના અમીનપુર રોડ ઉપર આવેલ અંડર બ્રીજમાં વરસાદી પાણી ભરાયા



પ્રાંતિજ તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વેસ્ટેશન તથા અમીનપુર રોડ ઉપર આવેલ રેલ્વે અંડર બ્રીજ નીચે વરસાદી પાણી ભરાયા. પ્રાંતિજના અમીનપુર રોડ ઉપર આવેલ રેલ્વે અંડર બ્રીજ તથા રેલ્વેસ્ટેશન વિસ્તાર મા આવેલ રેલ્વે અંડર બ્રીજ મા વરસાદી પાણી ભરાયા હતા તો વરસાદ પાણી ભરાતા રોજીદુ અવરજવર કરતા લોકો ને મુશ્કેલીઓ પડી સહી તો અમીનપુર રોડ ઉપર આવેલ રેલ્વે અંડર બ્રીજ મા પાણી ભરાતા રસ્તો બંધ થયો હતો અને લોકો ને રસ્તા વચ્ચે થી પરત ફરવાનો વાળો આવ્યો હતો.

# તલોદમાં આઠ કલાકમાં અગિયાર ઈંચ વરસાદથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

તલોદ તા ૧૦

તલોદ તાલુકાના ગ્રામ્ય વિસ્તાર સાહિત શહેર માં સાર્વત્રિક ભારે વરસાદ પડ્યો હતો વહેલી પરોઢ થી શરુ થયેલ વરસાદ આઠ કલાક માં દસ ઈંચ વરસાદ ખાબક્યો હતો જેનાં કારણે તલોદ શહેર ના તમામ માર્ગો પાણી મા ઘરકાવ થઈ જવા પામ્યા હતા શહેરની નીચાણવાળા વિસ્તારોમાં આવેલ ચંદ્રપ્રભું સોસાયટીમાં તેમજ કલાલ ની ચાલી, માર્કેટ યાર્ડ પાછળ આવેલ વિસ્તાર માં ઢીચણ સમાં પાણી ભરાવાના કારણે વિસ્તાર માં રહેતા લોકો ના ઘરોમાં પાણી ઘુસી ગયા હતા તલોદ ની કુમાર શાળા, શાંતિનગર વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળામાં પણ પાણી ભરાઈ જવા પામ્યા હતા તલોદ જી ઈ બી ની ઓફીસ માં પણ પાણી ભરાઈ જવા ના કારણે મોટર થી પાણી ખેંચી ઓફિસ ની બાર પાણી કાઢવામાં આવ્યુ હતું તલોદ શહેરના મુખ્ય માર્ગો પર તેમજ તલોદ ગામના જાહેર માર્ગો પર અડધા ફૂટ જેટલા પાણી ભરાવા પામ્યું હતું જેના કારણે વાહનચાલકો પરેશાન થઈ ગયા હતા તલોદ દેસાઈ નગર વિસ્તારમા આવેલ મહાદેવ પાસેનું તળાવ ઓવર ફલો થતાં વિસ્તાર માં પાણી ફરી વળ્યા હતા તલોદ તાલુકાના સુલતાનપુર ગામે વિજળી પડવાથી સંજયભાઈ બકોર ભાઈ પટેલ ના ઘર આંગણે બાંધેલ બે વાછરડા ના ઘટના સ્થળે જ મોત નીપજયા હતા જયારે ગોરા ગામમા વિજળી પડવાના કારણે દેસાઈરામજીભાઈ ભલાભાઈ ની ભેંસ નુ મોત નિપજ્યું હતું ભારે વરસાદ ના કારણે તલોદ તાલુકાના ખેતરો બેટ માં ફેરવાયા હતા પનાપૂર અને દોલતાબાદ માં પાચ જેટલામકાનો ને અને દીવાલો ધરાશાયી થઈ જવા પામી હતી ઉપરવાસ માં પડેલ ભારે વરસાદ ના કારણે તાલુકા માં આવેલ ગોરથીયા ડેમ ખાતે ૮૦૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું જેના લીધે અસરગ્રસ્ત ગામો મોટા ચેખલા, તાજપુર કેમ્પ આંત્રોલી વાસ દોલજી, આંત્રોલી વાસ પૂંજાજી જેવા ગામોને એલર્ટ કરવામાં આવ્યા હતા હરસોલ પાસેથી પસાર થતી મેશ્વો નદી બે કાંઠે વહેતી થતાં હરસોલ થી પ્રતાપ જી ના મુવાડા જવાનો વાહનવ્યવહાર બંધ કરવામાં આવેલ હતો રેલ્વે ઓવરબ્રિજ નીકામગિરી ના લીધે ડાયવર્ઝન આપેલ તલોદ થી મહિયલ રોડ પર પાણી ભરાઈ જવાના કારણે કેટલાય વાહનો ખોટકાઈ જવા પામ્યા હતા ભારે વરસાદ ના કારણે તલોદ પંથક ની શૈક્ષણિક સંસ્થા ઓ માં શૈક્ષણિક કાર્ય બંધ રાખવામાં આવ્યુ હતુ.



# પ્રાંતિજના જેનપુર ખાતે ઠેરઠેર વરસાદી પાણી ભરાયા...!!!!

## મેઘરાજાની ધમાકેદાર બેટિંગ ખેતરો બેટમા ફેરવાયા : રસ્તાઓ ખેતરોમા કેળસમા પાણી ભરાયા

પ્રાંતિજ તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામા મેઘ મહેર જોવા મળી રહી છે ત્યારે પ્રાંતિજ ના જેનપુર ખાતે પણ વરસાદ ને લઈ ને ઠેરઠેર નીચાણવાળા વિસ્તાર સહિત વિસ્તારો મા ઢીચણ સમા વરસાદી પાણી ભરાયા હતા તો ખેતરો બેટ મા ફેરવાયા. પ્રાંતિજ સહિત તાલુકામા મેધરાજા ની ધમાકેદાર બેટિંગ થતા પ્રાંતિજ સહિત તાલુકામા જયા જુઓ ત્યા ઠેરઠેર પાણી પાણી જોવા મલ્યુ હતુ તો પ્રાંતિજ ના જેનપુર ખાતે પણ મેઘ વર્ષા ને લઈ ને ગામમા સહિત ખેતરો મા માત્ર વરસાદી પાણી જોવા મલ્યુ હતુ અને ખેતરો મા પાણી ભરાતા ખેતરો હાલતો બેટ મા ફેરવ્યા હતા અને જયા જુઓ ત્યા પાણી પાણી થઈ ગયુ હતુ તો કેર સમાન પાણી ભરાતા ગ્રામજનોને ધરો મા પાણી ધુસી જવાનો ભંય વ્યકત કર્યો હતો.



# છાપરીયામાં બોરની મોટર ચાલુ કરવા જતાં વિજ કરંટથી ખેડૂતનું મોત

## વરસાદી માહોલમાં કરંટ ખેડૂતને ભરખી ગયો

બાયડ, તા.૧૦

બાયડ તાલુકાના છાપરીયા ગામની સીમમાં ખેતરમાં બોરની મોટર ચાલુ કરવા જતાં કરંટથી ૪૨ વર્ષિય ખેડૂતનું મોત નિપજ્યું છે. વિજ કરંટ લાગ્યા પછી ખેડૂતને બાયડની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો પરંતુ વિજ કરંટ આખરે ખેડૂતને ભરખી ગયો છે. બનાવ અંગે બાયડ પોલીસે એડી નોંધી તપાસ શરુ કરી છે. વરસાદી માહોલમાં વિજ કરંટ લાગવાના હાદસા શરુ થયા છે. કરંટના કારણે માનવ મૃત્યુ આંક ઉંચકાઈ રહ્યો છે ત્યારે તાલુકાના છાપરીયા ગામના ખેડૂત રાજેશ રવચંદભાઈ પટેલ તા.૮ના રોજ ખેતરમાં આવેલ બોરની મોટર ચાલુ કરવા ગયા હતા જે સમયે અચાનક વિજ કરંટ લાગતાં જમીન ઉપર ફસડાઈ પડ્યા હતા. આસપાસમાંથી દોડી આવેલા અન્ય લોકોએ ખેડૂતને તાબડતોબ બાયડની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યો હતો પરંતુ વિજ કરંટના કારણે ખેડૂતનું મોત નિપજ્યું હતું.બનાવ અંગે મુકેશ રવચંદભાઈ પટેલની ખબરના આધારે બાયડ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હિંમતનગરમાં પ્રેમ પ્રકરણમાં ધિંગાણું, પાઈપથી હુમલો થતાં તંગદિલી

## સામસામે ક્રોસ ફરિયાદ, એટ્રોસીટીનો ગુનો નોંધાયો : તું અમારી દિકરીને જોવા આવ્યો છે તેમ કહી યુવક ઉપર પાઈપથી હુમલો : ૩ જણ સામે ગુનો નોંધાયા

બાયડ, તા.૧૦

હિંમતનગરના બસ સ્ટેન્ડ વિસ્તારમાં પ્રેમ પ્રકરણમાં બે જૂથ વચ્ચે બોલાચાલી થયા પછી મામલો બિચક્યો હતો. લોખંડની પાઈપથી હુમલો કરવામાં આવતાં વાતાવરણ તંગ બની ગયું હતું. યુવતી સાથેના પ્રેમ સબંધમાં યુવક યુવતીને જોવા માટે આવ્યો હોવાની આશંકા સાથે બંન્ને પક્ષે સ્થિતિ વણસી હતી. મારામારીમાં સામસામે ક્રોસ ફરિયાદ નોંધાવાઈ છે જેમાં બી-ડીવીઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મળેલ જાણકારી મુજબ હિંમતનગરના પોલોગ્રાઉન્ડ વિસ્તારની ઋષભદેવ સોસાયટીમાં રહેતા અને દરજી કામ કરતો અનિલ કનુભાઈ સોનગરા તા.૮ના રોજ હિંમતનગર બસ સ્ટેન્ડ વિસ્તારમાં આવેલી ગાયનેક હોસ્પિટલ પાસે ઉભો હતો તે સમયે નિરાલી હોસ્પિટલ સામે ઋષિનગરમાં રહેતા મુકેશ કાળાભાઈ વાઘેલા અને અન્ય ૩ ઈસમોએ યુવકને તું અમારી દિકરી હેમાંગીને જોવા આવ્યો છે તેમ કહી અપશબ્દો બોલતાં મામલો ગરમાયો હતો. પરિવારને અગાઉથી તેમની દિકરી સાથે સદર યુવકને પ્રેમ સબંધની જાણકારી હતી અને અગાઉ તે ભગાડી ગયો હોવાથી બંન્ને પક્ષે વયમનસ્ય તાજુ હતું ત્યાં યુવક ફરીથી યુવતીના ઘર આસપાસ દેખાતાં મામલો બિચક્યો હતો જેમાં યુવકને પાઈપ ફટકાર્યા પછી સામે પક્ષે પણ મારી કરવામાં આવતાં બસ સ્ટેશન વિસ્તારમાં દંગલ મચી ગયું હતું. યુવકને ફટકાર્યા પછી યુવક દ્વારા જાતિ પ્રત્યે પરિવારને અપમાનિત કરવામાં આવતાં સમગ્ર પ્રેમ પ્રકરણ પોલીસ સ્ટેશને પહોંચ્યા પછી મારામારી તેમજ એટ્રોસીટીનો ગુનો નોંધાયો છે. બનાવ અંગે બંન્ને પક્ષની ફરિયાદના આધારે હિંમતનગર બી-ડીવીઝન પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

**આરોપી....**


મુકેશ કાળાભાઈ વાઘેલા
સોહમ મુકેશભાઈ વાઘેલા
અજય મુકેશભાઈ વાઘેલા
(તમામ રહે.ઋષિનગર, નિરાલી હોસ્પિટલ સામે, હિંમતનગર)
અનિલ કનુભાઈ સોનગરા
(રહે.અંબર સિનેમા રોડ, પોલોગ્રાઉન્ડ, હિંમતનગર)

# પ્રાંતિજ સહિત તાલુકામાં મેઘરાજાની મેઘમહેર...

પ્રાંતિજ તા.૧૦

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ સહિત તાલુકામા મેઘરાજા ની મેધમહેર થઈ દોડ દિવસ માં સવા ચાર ઈંચ વરસાદ ખાબકયો હતો જેને લઈ ને નીચાણવાળા વિસ્તારો મા પાણી ભરાયા હતા તો વરસાદને લઈ ને જનજીવન ઉપર અસર જોવા મળી હતી.પ્રાંતિજ સહિત તાલુકામા મેધરાની અસીમ કુપા થતા પ્રાંતિજ ખાતે દોડ દિવસ મા સવા ચાર ઈંચ થી વધુ વરસાદ ખાબકયો હતો અને સોમવાર ની સવારે પડી રહેલ વરસાદ ને લઈ ને જનજીવન ઉપર પણ અસર જોવા મળી હતી તો ધીમીધારે પડી રહેલ વરસાદ ને લઈ ને શાળા કોલેજો મા રજા આપવાની ફરજ પડી હતી તો વરસાદ પડતા રેલ્વેસ્ટેશન વિસ્તાર મા આવેલ વુદાવન સોસાયટી મા વરસાદી પાણી નો યોગ્ય નિકાલ ના હોય સોસાયટી મા કેળસમા વરસાદી પાણી ભરાયુ હતુ તો નગરપાલિકા દ્વારા જેસીબી ની મદદત થી પાણીનો નિકાલ કરવામા કામે લાગી હતી તો પ્રાંતિજ બજાર અને હનુમાન ચોક વિસ્તાર મા વરસાદી પાણી ભરાયુ હતુ તો એસટીડેપો પાસે તથા એપ્રોચરોડ માતુછાયા સોસાયટી આગળ વરસાદી પાણી ભરાતા લોકોને હાલકી પડી હતી તો પ્રાંતિજ નાનીભાગોળ સબજેલ પાસે તથા કહાર વાસ મા પણ વરસાદી પાણી ભરાયુ હતુ અને ગટરો દ્વારા વરસાદી પાણી ના ખેચતુ હોવાની રાહ પણ ઉઠી હતી તો સબજેલ પાસે રહેણાંક મકાનો મા પાણી ઘરો મા ગુસ્તા પાણી ઉલેચવાનો વારો આવ્યો હતો તો ગાજગજના સાથે પડેલ વરસાદ ને લઈ ને પ્રાંતિજ સહિત તાલુકામા ઠંડક પ્રસરી જવા પામી હતી અને નગરજનો તથા તાલુકાના લોકોમા ખુશી જોવા મળી હતી તો દોડ દિવસ મા પડેલ કાચા સોના જેવા વરસાદ ને લઈ ને ખેતી લાયક વરસાદ થતા ધરતીપુત્રો મા પણ ખુશીનો માહોલ જોવા મલ્યો હતો તો ઉપરવાસ મા પડેલ વરસાદ ને લઈ ને પ્રાંતિજ પાસે આવેલ સાબરમતી નદી મા પણ નવા નીર આવતા લોકો મા ખુશીજોવા મળી હતી તો પ્રાંતિજ બોખ મા પણ નવાનીર આવ્યા હતા.





## શું હવે દર્દીઓ શામળિયાના ભરોશે..!!

# શામળાજી રેફરલ હોસ્પિટલ ૧૫ તારીખથી બંધ કરવાનો ટ્રસ્ટે નિર્ણય લીધો

**કરાર રીન્યુમાં વિલંબ થતા પૂર્વ જીલ્લા પંચાયત પ્રમુખ અને કોંગ્રેસી અગ્રણી રાજેન્દ્ર પારઘીએ CM ને પત્ર લખી હોસ્પિટલની સેવાઓ કાર્યરત રહે તેવી માંગ કરી :શામળાજી રેફરલ હોસ્પિટલમાં દસ દિવસ અગાઉ ડાયાલીસીસ સેન્ટરનું ઉદ્‌ઘાટન મંત્રી ભીખુસિંહ પરમાર અને ધારાસભ્ય પી.સી.બરંડાએ કર્યું હતું : શામળાજી ટ્રસ્ટ સંચાલિત રેફરલ હોસ્પિટલનો કરાર રીન્યુમાં વિલંબ થતા હોસ્પિટલમાં ફરજ બજાવતા કર્મચારીઓ અસમંજસમાં :શામળાજી રેફરલ હોસ્પિટલમાં ૬૦થી ગ્રામ્ય વિસ્તારના લોકો આરોગ્ય લક્ષી સેવાઓનો લાભ મેળવી રહ્યા છે**

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જીલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રને ૨૦ વર્ષ અગાઉ ઓલ ઈન્ડિયા મુવમેન્ટ ફોર સેવા સંસ્થા નામના ટ્રસ્ટ સાથે એમઓયુ કર્યા હતા ટ્રસ્ટ રાજ્ય સરકાર બંનેના સહયોગથી રેફરલ હોસ્પિટલ કાર્યરત હતી શામળાજી રેફરલ હોસ્પિટલ ટ્રસ્ટ દ્વારા હસ્તગત કર્યા પછી ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને આરોગ્યલક્ષી સેવાઓ માટે સુદ્રઢ બની હોવાની સાથે સમયાંતરે અનેક નિઃશુલ્ક સારવાર કેમ્પ કરતા અને નિષ્ણાત તબીબો દ્વારા દર્દીઓની સારવાર કરવામાં આવતી હોવાથી આજુબાજુના ૬૦થી વધુ ગ્રામ્ય વિસ્તારના દર્દીઓ માટે આશીર્વાદ રૂપ બની રહી છે ટ્રસ્ટનો કરાર પૂર્ણ થતા સરકારે ટ્રસ્ટનો કરાર રીન્યુ નહીં કરતા ટ્રસ્ટ દ્વારા હોસ્પિટલમા ૧૫ જુલાઈથી તેની સેવાઓ સમાપ્ત કરવાનો નિર્ણય લેતા લોકોમાં આક્રોશ છવાયો છે

સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી અને આજુબાજુના પંથકમાં આદિવાસી ગ્રામ્ય વિસ્તારો મોટા પ્રમાણમાં છે શામળાજી ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રનું ઓલ ઈન્ડિયા મુવમેન્ટ ફોર સેવા સંસ્થા નામના ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૨૦ વર્ષથી સંચાલિત કરવામાં આવે છે શામળાજીના આજુબાજુના ૬૦ જેટલા ગ્રામ્ય વિસ્તારના દર્દીઓને આરોગ્યલક્ષી લાભ મળી રહે છે દરરોજ ૩૦૦થી વધુ દર્દીઓ રેફરલ હોસ્પિટલમાં સારવાર લેતા હોય છે દર વર્ષે ૬ હજારથી વધુ ઓપીડી અને ૧૫૦૦ જેટલા દર્દીઓ દાખલ થઇ સારવાર મેળવતા હોય છે દર્દીઓ માટે આ આશીર્વાદ રૂપ હોસ્પિટલ અનુદાન અભાવે બંધ થવાના સમાચાર વાયુવેગે લોકોમાં પ્રસરી જતા ભારોભાર રોષ ઉભો કર્યો છે.

**૧૫ જુલાઈથી ટ્રસ્ટે હોસ્પિટલ બોર્ડ પર નોટિસ ચિપકાવી દેતા જીલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ રાજેન્દ્ર પારઘીએ CMને પત્ર લખ્યો**

ઓલ ઈન્ડિયા મુવમેન્ટ ફોર સેવા સંચાલિત રેફરલ હોસ્પિટલ આગામી ૧૫ જુલાઈ થી હોસ્પિટલ બંધ કરવા ટ્રસ્ટે નોટિસ મારી હોવાનાં માઠાં સમાચાર વાયુવેગે લોકોમાં પ્રસરી જતા મુખ્યમંત્રીને પત્ર લખી જણાવ્યું હતું કે શામળાજી ટ્રસ્ટ સંચાલિત સામુહિક આરોગ્ય કેન્દ્રમાં દરરોજ ૩૦૦ જેટલા દર્દીઓ સારવારનો લાભ મળી રહ્યો છે ટ્રસ્ટ દ્વારા મોતિયા અને ક્ષતિગ્રસ્ત હોઠ માટે નિઃશુલ્ક પ્લાસ્ટિક સર્જરી કરવામાં આવે છે ત્યારે સરકાર દ્વારા શામળાજી સામુહિક આરોગ્ય કેન્દ્રની સેવાઓ યથાવત રાખવામાં આવેની માંગ કરી હતી




શામળાજી રેફરલ હોસ્પિટલમાં થોડા દિવસ અગાઉ કિડનીની ગંભીર બીમારીથી પીડાતા દર્દીઓને ડાયાલીસીસ માટે મોડાસા કે હિંમતનગર સુધી જવું ન પડે તે માટે ડાયાલીસીસ સેન્ટર ચાલુ કરવામાં આવતા લોકોમાં ભારે આનંદ છવાયો હતો જો કે સરકારે ટ્રસ્ટનો કોન્ટ્રાકટ રીન્યુ નહીં કરતા કે પછી અગમ્ય કારણોસર કોન્ટ્રાકટ રિન્યુમાં વિલંબ થતા આગામી ૧૫ જુલાઈ થી ખંભાતી તાળા લાગી જશે તાજેતરમાં હોસ્પિટલ સંચાલક મંડળ દ્વારા હોસ્પિટલ ખાતે નોટિસ મૂકી દેવામાં આવી છે ત્યારે આ નોટિસ ને પગલે આ વિસ્તારના દર્દીઓ અને લોકોમાં સરકારની કામગીરી સામે ભારોભાર નારાજગી લાગણી પ્રસરી જવા પામી છે

શામળાજી હોસ્પિટલમાં વિવિધ આરોગ્યલક્ષી સેવાઓ બંધ કરવાનો ટ્રસ્ટે નિર્ણય કરતા ૬૦ જેટલા ગામના જરૂરિયાત અને ગરીબ દર્દીઓ ભગવાન ભરોશે તો નહીં રહેવું પડે ની ચિંતા સતાવી રહી છે શામળાજી રેફરલ હોસ્પિટલમાં ટ્રસ્ટ દ્વારા આરોગ્યલક્ષી સેવાઓ નહીં આપવામાં આવે તો ન છૂટકે દર્દીઓને મોડાસા,હિંમતનગર, ઈડર, ભિલોડા સહીત મોટા શહેરોમાં મોંઘીદાટ સારવાર લેવા મજબુર બનવું પડે તો નવાઈ નહીં..? ચિંતા પ્રસરી જવાની સાથે આ વિસ્તારના દર્દીઓ માટે આ આશીર્વાદ રૂપ હોસ્પિટલ અનુદાન અભાવે બંધ થવાના સમાચાર વાયુવેગે લોકોમાં પ્રસરી જતા ભારોભાર રોષ ઉભો કર્યો છે વિસ્તારના લોકો સરકાર દ્વારા આ હોસ્પિટલને અનુદાન આપી ચાલુ રાખે તેવી માંગ વિસ્તારના લોકો અને સ્થાનિક આગેવાનો કરી રહ્યા છે.

**ટ્રસ્ટીઓ શું કહે છે વાંચો**

આ મામલે હોસ્પિટલ સંચાલક મંડળે જણાવ્યું હતું કે હોસ્પિટલ વર્ષ ૨૦૦૩ થી કાર્યરત છે અને છેલ્લા ૨૦ વર્ષથી વિસ્તારના દર્દીઓની સેવા કરી રહયા છીએ પરંતુ માર્ચ મહિનામાં અમારો કોન્ટ્રાકટ પૂરો થઇ ગયો છે જેને રીન્યુ કરવા વારંવાર સરકારમાં રજૂઆતો કરવા છતાં સરકાર દ્વારા કાર્યવાહી કરવામાં નહિ આવતા ના છૂટકે હોસ્પિટલ આગામી ૧૫ જુલાઈ ઓપીડી સમય બાદ બંધ કરવાનો નિર્ણય કર્યો છે ત્યારે બીજી તરફ હોસ્પિટલ બંધ ઠાવના સમાચારે હોસ્પિટલમાં કામ કરતા કર્મચારીઓની રોજગારીનો પણ મોટો સવાલ ઉભો થતા કર્મચારીઓએમાઁ પણ ચિંતાનો માહોલ છે

# ધાનેરામાં આગાહી પ્રમાણે ધોધમાર વરસાદ : શહેરમાં ઠેર ઠેર પાણી ભરાયા...

ધાનેરા તા.૧૦

હવામાન વિભાગ ની આગાહી ની અસર આજે બપોરે ધાનેરા માં જોવા મળી આકાશ માં ગર્જના સાથે ધોધમાર વરસાદ ની શરૂઆત જોવા મળી હતી. ગરમી થી પરેશાન થતા લોકો એ આજે બપોરે નાં સમયે ધોધમાર વરસાદ ની શરૂઆત થતાં રાહત મેળવી હતી.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી.પરમાર નો અહેવાલ જણાવે છે કે, અને વાતાવરણ પણ ઠંડુ થયેલ જોવા મળ્યું હતું ધાનેરા માં વરસાદી પાણી જ્યાં ત્યાં રોડ ઉપર ભરાયા હતા. ધાનેરા નગરપાલિકા ની મહેરબાની થી બનાવેલ ઊંચા રોડ ના કારણે લોકો ના ઘર અને દુકાનોમાં પાણી ભરાઈ રયા છે તુલસીનગર રાજમંદિર બસ સ્ટેન્ડ પાસે ધુટણ સુધી પાણી ભરાય છે. પરંતુ ધાનેરા નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા ક્યારે પાણી નો નિકાલ કરવામાં આવશે તે જોવાનું રહ્યું?જોકે હવામાન વિભાગ ની આગાહી પ્રમાણે હજુ વરસાદ બે દિવસ ભારે પડશે તેવી આગાહી કરવામાં આવેલ છે.



## પાલનપુરમાં મુસ્લિમ સગીર મંદિર ઉપર થુક્યો!!!

# ફરિયાદ થતાં પિતાએ માફી માંગી : હિંદુ આગેવાનની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધ્યો

પાલનપુર તા.૧૦

પાલનપુરના જામપુરા વિસ્તારમાં આવેલા હનુમાનજીના મંદિર ઉપર રાત્રિ દરમિયાન એક કિશોર થુંકતો હોવાનું સીસીટીવીના ફૂટેજ થકી બહાર આવ્યું હતુ. આ અંગે શહેરના હિંદુ આગેવાને પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે તેની સામે ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. દરમિયાન તેના આ કૃત્યની પિતાએ માફી પણ માંગી છે. પાલનપુર જામપુરા પ્રાથમિક શાળાની બાજુમાં કૈલાસનગર સોસાયટીના માર્ગ નજીક હનુમાનજીનું મંદિર આવેલું છે. જ્યાં શુક્રવાર રાત્રિ દરમિયાન એક કિશોર મંદિર ઉપર થુંકતો હોવાનું સીસીટીવી કેમેરાના ફૂટેજમાં સામે આવ્યું હતુ. આ અંગે પશ્ચિમ પોલીસ મથકનાપીઆઇ આર. બી. ગોહિલે જણાવ્યું હતુ કે, અશોકભાઇ પુરોહિતે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. જેના આધારે સગીર સામે ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બીજી તરફ સગીરના પિતાએ માફી પણ માંગી છે.